ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી,

ઠે.પહેલા માળે, તાલુકા સેવા સદન-ઓલપાડ, હાથીસા રોડ ઓલપાડ, તા.ઓલપાડ, જિ. સુરત.
ફોન નં.૦૨૬૨૧-૨૨૧૨૪૪ Email ID: 16.prantolpad@gmail.com

નં./ચટણ/સાયણ/મ.યાદી/પ્રસિધ્ધિ/વશી૩૬/૨૦૨૬ — તા.૦૪.૦૭.૨૦૨૬

-: જાહેરનામું :-

(જુઓ નિયમ ૪, ૫, ૬ તથા ૭)

ગુજરાત સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૧/૦૯/૯૪ નાં જાહેરનામાં ક્રમાંક જીએચકેએસ -૧૦૯૪-૪૨-સીએસએ-૧૦૯૩-૨૨૬૨-છ તેમજ ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતોનાં નિયમો ૧૯૮૨ ના નિયમ -૪ તથા નિયમ-૫ અન્વયે કામચલાઉ મતદારયાદીની પ્રસિધ્ધિ માટે, નિયમ-૬ અન્વયે મતદારોની કામચલાઉ યાદી અંગેનાં દાવા અને વાંધાઓ તથા નિયમ-૭ અન્વયે છેવટની (આખરી) મતદારયાદી પ્રસિધ્ધ કરવાના કામે અમોને મળેલ અધિકારની રૂએ હું પાર્થ તલસાણિયા, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, ઓલપાડ પ્રાંત, સુરત શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરતની તા.૩૧.૦૩.૨૦૨૫ ની સ્થિતિની વ્યવસ્થાપક સમિતિની ૧૮ બેઠકોની મતદારયાદી પ્રસિધ્ધ કરવા અંગેનો તેમજ આખરી યાદી પ્રસિધ્ધ કરવા અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે પ્રમાણે જાહેર કરૂ છું.

મતદારયાદી પ્રસિધ્ધ અંગેનો વિગતવાર કાર્યક્રમ

અ. નં.	વિગત	તારીખ / સમય
૧	૨	૩
૧	કામચલાઉ મતદારયાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય અને સ્થળ. સ્થળ :- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, ઓલપાડ પ્રાંત, સુરત, તાલુકા સેવાસદન, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. ૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. મુ.પો. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરત. ૩. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી,એ-બ્લોક, જિલ્લા સેવા સદન-૨, સુરત. ૪. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, ઓલપાડની કચેરી, તા.ઓલપાડ, જિ.સુરત.	તા. ૦૬/૦૭/૨૦૨૬ સોમવારનાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે
૨	કામચલાઉ મતદારયાદી સામે દાવા અને વાંધાઓ મોકલવાની છેવટની તારીખ, સમય અને સ્થળ: સ્થળ :- ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, ઓલપાડ પ્રાંત, સુરત, તાલુકા સેવાસદન, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત.	તા. ૧૩/૦૭/૨૦૨૬ સોમવાર કચેરી સમય દરમ્યાન
૩	કામ ચલાઉ મતદારયાદી સામે દાવા અને વાંધા અરજી નિકાલ કરવાની છેવટની તારીખ, સમય અને સ્થળ સ્થળ :- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, ઓલપાડ પ્રાંત, સુરત, તાલુકા સેવાસદન, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત.	તા. ૨૦/૦૭/૨૦૨૬ સોમવાર સાંજે ૧૭:૦૦ કલાકે
૪	આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવાની તારીખ સમય : સ્થળ :- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, ઓલપાડ પ્રાંત, સુરત, તાલુકા સેવાસદન, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. ૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. મુ.પો. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરત. ૩. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી,એ-બ્લોક, જિલ્લા સેવા સદન-૨, સુરત. ૪. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, ઓલપાડની કચેરી, તા.ઓલપાડ, જિ.સુરત.	તા. ૨૧/૦૭/૨૦૨૬ મંગળવાર બપોરે ૧૫:૦૦ કલાકે

(પાર્થ તલસાણીયા)
ચૂંટણી અધિકારી
અને નાયબ કલેક્ટર
ઓલપાડ પ્રાંત, જિ.સુરત.

સ્થળ : ઓલપાડ
તારીખ : ૦૪/૦૭/૨૦૨૬

ખામેનેઈના અંતિમ દર્શન માટે લાખો લોકો ઉમટ્યા

કાળા વસ્ત્રો પહેરીને લોકો માતમ મનાવતા દેખાયા: 'અમેરિકા મુર્દાબાદ' જેવા સૂત્રોચ્ચારો પણ થયા

તેહરાન, તા. ૪: ઈરાનના ભૂતપૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનેઈને અંતિમ વિદાય આપવા માટે શનિવારે લાખો લોકો તેહરાનના ગ્રાન્ડ મોસલ્લામાં એકઠા થયા છે. શિયા પરંપરા મુજબ કાળા કપડાં પહેરેલા લોકો છાતી કૂટીને શોક મનાવતા જોવા મળ્યા હતા. આ દરમિયાન લોકોએ 'લોહી વહેશે', 'અમેરિકા મુર્દાબાદ' અને 'બદલો, બદલો' જેવા નારા પણ લગાવ્યા હતા.

તેહરાનમાં 3 જુલાઈથી ખામેનેઈના અંતિમ સંસ્કાર સાથે જોડાયેલી વિધિઓ શરૂ થઈ ગઈ છે જે 9 જુલાઈ સુધી ચાલશે. ગઈકાલે શુક્રવારે આ કાર્યક્રમમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. જો કે રશિયા, ચીન, ભારત અને તુર્કી જેવા દેશોના ટોચના નેતાઓએ આનાથી અંતર જાળવ્યું હતું. ઈરાન તરફથી આમંત્રણ મોકલવામાં આવ્યું હોવા છતાં તેમણે પોતાના નીચલા સ્તરના પ્રતિનિધિઓને મોકલ્યા હતા.

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ ખામેનેઈના અંતિમ સંસ્કાર માટે ઈરાનને એક અઠવાડિયાની રજા આપી છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે માનવતાના નાતે આવું કર્યું છે. કાર્યક્રમ પૂરો થયાના તરત જ બાદ ઈરાને અમેરિકાની શરતો માનવી પડશે.

કાશ્મીરની શાળાઓની લાયબ્રેરીમાં મૂકાયેલ પુસ્તકમાં અલગતાવાદની પ્રશંસા!

ભારે વિવાદ થતા સાત અધિકારીઓ સસ્પેન્ડ, ભાજપે જવાબદારી નક્કી કરવાની માગ કરી

શ્રીનગર, તા. ૪: જમ્મુ અને કાશ્મીરની સરકારી શાળાઓની લાયબ્રેરીઓ માટે કથિત રીતે મંજૂર કરાયેલા એક પુસ્તકે વિવાદ ઊભો કર્યો છે. આ પુસ્તકમાં આતંકવાદીઓ અને અલગતાવાદી નેતાઓનું મહિમામંડન કરવામાં આવ્યું હોવાના, તેમજ આ ક્ષેત્રને ભારત હસ્તકનું કાશ્મીર અને ભારત શાસિત કાશ્મીર તરીકે દર્શાવવામાં આવ્યું હોવાના દાવાઓ સામે આવ્યા છે.

આ ઉપરાંત, પુસ્તક પર 'સમગ્ર શિક્ષા, J|K' નો લોગો પણ હોવાનું કહેવાય છે. આ આરોપો હવે એક મોટા રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયા છે, જેમાં ભાજપે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે જ્યારે કે જમ્મુ અને કાશ્મીરના લેફ. ગવર્નર મનોજ સિંહાએ આ બાબતે શાળા શિક્ષણ વિભાગના આઠ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે.

ભાજપ, કોંગ્રેસ તથા અન્ય રાજકીય પક્ષોએ આ પુસ્તક સામે વાંધો ઉઠાવ્યો છે કે આ પુસ્તક કથિત રીતે અલગતાવાદને ઉત્તેજન આપે છે. 'પર્સનાલિટીઝ એન્ડ લેજન્ડ્સ ઓફ J|K' શીર્ષક ધરાવતું આ પુસ્તક તેની કથિત સામગ્રી અને સરકારી શાળાઓ સાથેના તેના કથિત જોડાણને કારણે ભારે તપાસના દાયરામાં આવ્યું છે. આરોપો અનુસાર, આ પુસ્તકમાં જેકેએલએફ ના આતંકવાદી મકબૂલ ભટ્ટને "શહીદ" તરીકે વર્ણવવામાં આવ્યો છે.

અનુસંધાન

... પાના પહેલાનું

12 કલાકમાં 8....

અને વિલે પાર્લેમાં રસ્તાઓ બેસી જવાને કારણે ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. BMC એ પાણી નિકાલ માટે ૪૪૮ પંપ ચાલુ કર્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચોમાસાના આગમનના બે દિવસ પછી, શહેરના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે ઓછામાં ઓછા શુક્રવાર સુધી હળવો વરસાદ અને પવન ફૂંકાવાનું ચાલુ રહેશે. મુંબઈ અને તેના મેટ્રોપોલિટન ક્ષેત્રમાં શનિવારે સતત અને ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. વરસાદના લીધે રોડ બેસી જવા, વૃક્ષો ધરાશાયી થવા અને મકાનો તૂટી પડવાની ઘટનાઓ બની હતી, તેમજ માર્ગ અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. સતત પડી રહેલા મુશળધાર વરસાદ અને અત્યંત ભારે વરસાદની ચેતવણીને પગલે મહાનગરપાલિકાને બપોરે શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. શનિવારે મુંબઈના પાડોશી જિલ્લાઓ એવા ઠાણે અને પાલઘરમાં ભારે વરસાદ ખાબક્યો હતો. ભીવંડીમાં ૩ ફૂટ પાણી ભરાઇ ગયું હતું જેને કારણે દુકાનો બંધ કરી દેવી પડી હતી. અધિકારીઓએ જણાવ્યુ હતું. પાલઘરમાં પાણીમાં તણાઈ જવાથી એક બાળકનું મોત નિપજ્યું હતું. ભારે પવન અને વાવાઝોડા સાથે ખાબકેલા ભારે વરસાદે કેરળના કેટલાક ભાગોને ધમરોળ્યા હતા, જેના કારણે નદીઓ અને ડેમોમાં પાણીની સપાટીમાં વધારો થયો છે, નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે અને મિલકતોને નુકસાન પહોંચ્યું છે. ઈડુક્કી જિલ્લામાં, ઉપરવાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જળાશયના પાણીના સ્તરમાં વધારો થતાં સત્તાવાળાઓએ સાવચેતીના ભાગરૂપે પાંબલા ડેમના દરવાજા ખોલી દીધા હતા. પુણે અને તેની આસપાસના વિસ્તારોમાં પણ શનિવારે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. સતત પડી રહેલા ભારે વરસાદને કારણે પુણે શહેરના અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના લીધે ટ્રાફિક વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ સિવાય, વરસાદના કારણે જિલ્લામાં બે અલગ-અલગ જગ્યાએ લેન્ડસ્લાઈડ (ભેખડો ધસી પડવાની) ની ઘટનાઓ પણ સામે આવી છે. જોકે, રાહતની વાત એ છે કે આ દુર્ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી. દેશના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદના અહેવાલ છે. રાજસ્થાનમાં પણ ભારે વરસાદ પડ્યો છે. મધ્યપ્રદેશના ભોપાલ-ઈન્દોર સહિત 26 થી વધુ જિલ્લાઓમાં શુક્રવારે ભારે વરસાદ થયો હતો. ઉજ્જૈનમાં નાનો પુલ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે એક યુવક મોટરસાઈકલ સાથે તણાઈ ગયો હતો. ઉત્તર પ્રદેશના 20 જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો. કાનપુરમાં GSVM મેડિકલ કોલેજમાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે કાર અને બાઈક અડધા સુધી ડૂબી ગયા હતા. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરમાં શનિવારે સવારે ભેખડો ધસી પડવાના કારણે રામનગર-ઉધમપુર રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો.

15 વર્ષની ઉંમરે....

આ પહેલાં શેફાલી વર્મા (15 વર્ષ 239 દિવસ) સૌથી નાની વયમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ડેબ્યુ કરનાર ભારતીય ખેલાડી (મહિલા અને પુરુષમાં) હતી જ્યારે પુરુષોમાં સચિન તેંડુલકર (16 વર્ષ 205 દિવસ) સૌથી નાની વયનો ખેલાડી હતો જેણે 1989માં કરાચીમાં પાકિસ્તાન સામે ટેસ્ટમાં ડેબ્યુ કર્યું હતું. વૈભવે આ બંને ખેલાડીઓના રેકોર્ડ તોડી નાંખ્યા છે. વૈશ્વિક સ્તરે ફૂલ મેમ્બર દેશોમાં તે ઇતિહાસનો બીજો સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ખેલાડી બન્યો છે. હવે વૈભવ સૂર્યવંશી ટેસ્ટ, વનડે અને T20I ત્રણેય ફોર્મેટ સંયુક્ત રીતે ગણીએ તો પણ ભારતનો સૌથી યુવા પુરુષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બની ગયો છે.

સૌથી નાની વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યુ કરવાના મામલે વૈભવની સ્થિતિ:

- વૈભવે વોશિંગ્ટન સુંદરના નામે રહેલો ભારતનો સૌથી યુવા પુરુષ T20I ડેબ્યૂટન્ટનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. સુંદરે વર્ષ 2017માં 18 વર્ષ અને 80 દિવસની ઉંમરે ડેબ્યૂ કર્યું હતું.
- જો ભારતીય પુરુષ ક્રિકેટના સંદર્ભમાં વાત કરીએ તો, વૈભવ સૂર્યવંશી સૌથી યુવા ભારતીય પુરુષ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂટન્ટ અને સૌથી યુવા ભારતીય પુરુષ આંતરરાષ્ટ્રીય T-20 ડેબ્યૂટન્ટ છે.
- ભારતીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઇતિહાસમાં પુરુષ અને મહિલા બંનેની સંયુક્ત યાદીમાં વૈભવ બીજા સ્થાને આવે છે. ગાર્ગી બેનર્જી હજુ પણ સમગ્ર ભારતમાં સૌથી નાની વયે ડેબ્યૂ કરનાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે, જેમણે 14 વર્ષ અને 165 દિવસની ઉંમરે પોતાની પ્રથમ મેચ રમી હતી.
- જોકે વૈભવે ટી-20માં મહિલા ક્રિકેટર શેફાલી વર્માના રેકોર્ડને પાછળ છોડી દીધો છે, જેણે 15 વર્ષ અને 239 દિવસની ઉંમરે ભારત તરફથી પ્રથમ આંતરરાષ્ટ્રીય T-20 મેચ રમી હતી.
- વૈભવ ICCના કાયમી સભ્ય દેશોની પુરુષ આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી યુવા ડેબ્યૂ કરનાર ખેલાડી બની ગયો છે. આ પહેલાં આ રેકોર્ડ આયર્લેન્ડના ફાસ્ટ બોલર જોશ લિટલના નામે હતો જેણે 16 વર્ષ અને 309 દિવસની ઉંમરે T-20Iમાં ડેબ્યૂ કર્યું હતું.
- વિશ્વની ઓવરઓલ પુરુષ આંતરરાષ્ટ્રીય T20 યાદીમાં વૈભવ સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનાર પુરુષ T20I ખેલાડીઓમાં 11 માં સ્થાને આવે છે. રોમાનિયાનો મારિયન ઘેરાસિમ 14 વર્ષ અને 16 દિવસની ઉંમરે ડેબ્યૂ કરીને ઓવરઓલ પુરુષ આંતરરાષ્ટ્રીય T20માં ટોચ પર છે.

આ તમામ બાબતો જોતાં, આ ક્રિકેટ ઇતિહાસનો એક બહુ મોટો અને સુવર્ણ અધ્યાય છે. ઓલ્ડ ટ્રેફર્ડના મેદાન પર, માત્ર 15 વર્ષ અને 99 દિવસની ઉંમરે પગ મૂકીને વૈભવ સૂર્યવંશીએ માત્ર ભવિષ્યના એક આશાસ્પદ ખેલાડી તરીકે નહીં, પરંતુ એક મહાન રેકોર્ડ-હોલ્ડર તરીકે પોતાની સફર શરૂ કરી દીધી છે.

ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી,

ઠે. પહેલા માળે, તાલુકા સેવા સદન- ઓલપાડ, હાથીસા રોડ ઓલપાડ, તા. ઓલપાડ, જિ. સુરત.
ફોન નં.૦૨૬૨૧-૨૨૧૨૪૪ Email ID: 16.prantolpad@gmail.com

જાહેરનામાં ક્રમાંક/ચટણ/ઓલપાડ-ચોર્યાસી સંઘ/પ્રસિધ્ધિ/વશી૩૫/૨૦૨૬ — તા.૦૩.૦૭.૨૦૨૬

નમૂનો-૧

(જુઓ નિયમ-૧૬)

શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.

ચૂંટણી અંગેની જાહેરાત

મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી ઓલપાડના તા. ૨૬.૧૨.૨૦૨૫ ના જાહેરનામાં નં. સહક / ચૂંટણી / ઓ.ચો.તા.ખ.વે. સં.લી. / ચૂંટણી જાહેરાત વશી ૩૧૯ થી ૩૨૩/૨૦૨૫ થી શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી નો ચૂંટણી જાહેરાત અંગેનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ. પરંતુ અનિવાર્ય સંજોગો તથા તત્સમયમાં ચાલી રહેલ SIR ની અગત્યની કામગીરી ચાલુમાં હોઇ નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીનું આયોજન કરવું મુશ્કેલ હોઇ જેથી ચૂંટણી પ્રક્રિયા ઉમેદવારી પત્રો સ્વીકારવાની તારીખ ૦૫.૦૧.૨૦૨૬ થી વિલંબીત થયેલ. આમ હાલની પરિસ્થિતિએ ઉક્ત ચૂંટણી પ્રક્રિયા પુનઃ શરૂ કરવી ઇષ્ટ જણાય છે. જેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓનાં ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ નાં નિયમ-૧૬ થી મળેલ સત્તાની રૂએ હું પાર્થ તલસાણીયા ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત આથી જાહેર કરું છું કે, શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ના નામે ઓળખાતી સહકારી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી થવાની છે અને આ સાથે અનુસૂચિત હરોળ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળની સંબંધમાં નીચે જણાવેલ વિગતે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે. અને આ સાથેની અનુસૂચિના હરોળ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળો (જેનો આમાં હવે પછી "સબંધિત મતદાર મંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની ચૂંટણીના સબંધમાં-

(એ) સબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સબંધિત મતદાર મંડળ સામે હરોળ-૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(બી) સબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રો સ્વીકરવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સબંધિત મતદાર મંડળ સામેના હરોળ-૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર તૈયાર કરી શકાય / સ્વીકારી શકાય તે સ્થળ નક્કી કરેલ છે.

(સી) સબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખને, સબંધિત મતદાર મંડળના સબંધમાં, મળેલ ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(ડી) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સબંધિત મતદાર મંડળના સબંધમાં ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સબંધિત મતદાર સામે હરોળ-૪ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનાં સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(ઇ) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખને, માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(એફ) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૬માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને, સબંધિત મતદાર મંડળનાં સબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરેલ છે.

(જી) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૭માં નિર્દિષ્ટ કરેલ તારીખને સબંધિત મતદાર મંડળનાં સબંધમાં, હરિફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિધ્ધિની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(એચ) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૮માં નિર્દિષ્ટ કરેલ તારીખને શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી ના નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોઇ તો જે તારીખે તે કરવાની હોય તે તારીખ નક્કી કરેલ છે.

(આઇ) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૮ને નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાનાં સમય તરીકે નક્કી કરેલ છે.

(જે) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૯માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને તેમજ હરોળ-૯ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને, મતગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(કે) સબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૧૦માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનનાં પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરેલ છે.

અનુસૂચિ

અ.નં	વિગત	તારીખ/વાર	સમય
૧.	મંડળી/સંસ્થાનું નામઃ શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ઠે. નાના વરાછા રોડ, ખાંડ બજાર, મેઈન રોડ, સુરત		
૨.	ઉમેદવારીપત્રો મેળવવા અને પરત સ્વીકારવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ઓલપાડની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.	તા.૦૬/૦૭/૨૦૨૬ સોમવારથી તા. ૧૦/૦૭/૨૦૨૬ શુક્રવાર સુધી	૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી
૩.	મળેલ ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ઓલપાડની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૩. સંઘની રજીસ્ટર્ડ કચેરી, સુરત	તા.૧૦/૦૭/૨૦૨૬ શુક્રવાર	અનું.નં.૨ ની કાર્યવાહી પૂર્ણ થયેથી
૪.	ઉમેદવારીપત્રો ચકાસણી માટેની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.	તા. ૧૩/૦૭/૨૦૨૬ સોમવાર	બપોરે ૧૨-૦૦ કલાક થી કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી
૫.	માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળ.:- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ઓલપાડની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૩. સંઘની રજીસ્ટર્ડ કચેરી, સુરત	તા.૧૩/૦૭/૨૦૨૬ સોમવાર	અનું.નં-૪ ની કાર્યવાહી પુર્ણ થયા બાદ
૬.	ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ઓલપાડની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.	તા. ૧૩/૦૭/૨૦૨૬ સોમવાર થી તા.૧૫/૦૭/૨૦૨૬ બુધવાર સુધી	૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી
૭.	હરિફ ઉમેદવારીની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ- ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. ૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ઓલપાડની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.	તા.૧૫/૦૭/૨૦૨૬ બુધવાર	૧૬-૦૦ કલાકે
૮.	મતદાન લેવાની (ચૂંટણી) ની તારીખ/સમય અને સ્થળઃ- શ્રી ઓલપાડ ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ઓલપાડ શાખા, સિધ્ધનાથ નગર સોસાયટી, કીમ ઓલપાડ રોડ, ઓલપાડ.	તા.૨૬/૦૭/૨૦૨૬ રવિવાર	૧૧-૦૦ કલાક થી ૧૫-૦૦ કલાક સુધી
૯.	મતગણતરી માટેની તારીખ/સમય અને સ્થળઃ- શ્રી ઓલપાડ ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ઓલપાડ શાખા, સિધ્ધનાથ નગર સોસાયટી, કીમ ઓલપાડ રોડ, ઓલપાડ.	તા.૨૬/૦૭/૨૦૨૬ રવિવાર	અનું.નં-૮ ની કામગીરી પુર્ણ થયા બાદ
૧૦.	મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખઃ-	તા.૨૬/૦૭/૨૦૨૬ રવિવાર	અનું. નં-૯ ની કાર્યવાહી પુર્ણ થયેથી

દરેક ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે રૂ.૧૦૦/- (રૂપિયા એકસો પુરા) ડીપોઝીટ તરીકે જમા કરાવવાના રહેશે.

સ્થળ : ઓલપાડ
તારીખ : ૦૩.૦૭.૨૦૨૬

(પાર્થ તલસાણીયા)
ચૂંટણી અધિકારી
અને
નાયબ કલેક્ટર
ઓલપાડ પ્રાંત, જિ.સુરત.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

સીઆઈએન યુ૪૦૧૦૨જીજે૨૦૦૩એસજીસી૦૪૨૯૦૯
બારડોલી વિભાગીય કચેરી
૬૬ કે.વી. એસ.એસ.કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં-૬.બારડોલી-૩૯૪૬૦૧
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

અરેઠ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે જોઈએ છે

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની બારડોલી વિભાગીય કચેરી હેઠળની અરેઠ પેટા વિભાગીય કચેરી માટે આશરે ૧૬૦૦ થી ૨૦૦૦ ચોરસ ફુટ કારપેટ એરિયા (જેમાં પેસેજ, બાથરૂમ, દાદર વગેરે એરિયા ગણાશે નહિ) પાકા બાંધકામ વાળી જગ્યા ઓફિસના વપરાશ માટે અરેઠ મુખ્ય માર્ગની આજુબાજુના વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષના ભાડાના કરારથી ભાડેથી જોઈએ છે. રસ ધરાવનાર પાર્ટીએ દરખાસ્ત સાથે નીચે મુજબના જરૂરી પુરાવા મોકલી આપવાના રહેશે.
(૧) મકાનના બાંધકામ પ્લાન અને સ્થળ દર્શાવતા નકશાની ગ્રામપંચાયતમાંથી મંજૂર કરેલ સહી સીક્કાવાળા નકશાની બે નકલ
(૨) મકાનના બાંધકામ પ્લાનમાંથી જેટલો ભાગ ભાડે આપવા માંગતા હો તેનો ટોટલ કારપેટ એરિયા કેટલા ચો. ફુટ છે તે દર્શાવવું અને તે ભાગને બાંધકામ પ્લાન અને સ્થળ દર્શાવતા નકશામાં આવશ્યક માર્કિંગ કરવાનું રહેશે.
(૩) મકાન નામે છે તે અંગે મકાનનાં આકારણી પત્રક, વેરા પાવતી, દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની"ની નકલ, PWD ભાડા આકરણી કરે તે પ્રમાણે ભાડું લેવા તૈયાર છે તેની વિગત તેમજ મકાનનું ભાડું તમામ ટેક્ષ અને વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે.
(૪) માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયરનું વર્ષ ૨૦૨૫-૨૬ના લેટર પેડ પર "સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ''.
(૫) બીલ્ડીંગ વપરાશ સર્ટીફીકેટ ગ્રામપંચાયતના સહી સીક્કાવાળું
નોંધઃ- ઉપરોક્ત દરખાસ્ત સીલ બંધ કવરમાં મોકલવાની રહેશે જેમાં ઉપરોક્ત જરૂરી તમામ પુરાવા અને કેટલો કારપેટ અરિયા છે તેમજ જગ્યાનું ભાડું એક ચોરસ ફુટ કારપેટ એરિયાના એક મહિનાના ભાવ સાથે ભાવપત્રકમાં કુલ ભાડું (બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે) દર્શાવવાનું રહેશે. ત્યાર બાદ આ સીલ બંધ કવર રસ ધરાવનાર પાર્ટીએ તા. ૨૪.૦૭.૨૦૨૬ના રોજ બપોરના એક વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી સીલ બંધ કવરમાં સંપૂર્ણ દરખાસ્ત કાર્યપાલક ઇજનેરશ્રી (સં. અને નિ.) દ.ગુ.વી.કં.લી., બારડોલી વિભાગીય કચેરી, ૬૬ કે.વી. એસ.એસ. કંપાઉન્ડ સુરત-બારડોલી રોડ, ને.હા.નં-૬, બારડોલી-૩૯૪૬૦૧ના સરનામે મોકલી આપવી. કવર પર "અરેઠ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે રાખવા માટે'' જરૂર લખવું, જો આ મુજબ દરખાસ્ત મોકલવામાં નહિ આવે અથવા કોઈપણ પુરાવા ઘટતા મોકલેલ હશે તો તેઓની અરજી મંજુર થશે નહિ અને તેઓશ્રી દ્વારા ભરેલ ભાવ ખોલવામાં નહિ આવે તેમજ આ અંગે આખરી નિર્ણય દ.ગુ.વી.કં.લી. ના સક્ષમ અધિકારીનો રહેશે જે બાબતે આપની કોઈપણ રજૂઆત ધ્યાનમાં લેવામાં નહિ આવે.
આ ઉપરાંત રસ ધરાવનાર પાર્ટીઓને નીચે મુજબની શરતો બંધન કર્તા રહેશે.
(૧) ઓફિસ માટેનું મકાન કોમર્શિયલ હેતુસર મંજુર થયેલ, સંપૂર્ણ હવા-ઉજાસવાળી હોવી જોઈએ.
(૨) મકાન ભાડાકરારની મુદત ઓછામાં ઓછી ત્રણ (૩) વર્ષની રહેશે તેમજ દ.ગુ. વી.કં.લી. કોઈપણ સમયે ખાલી કરી શકશે.
(૩) દ.ગુ.વી.કં.લી. ઓફિસની જરૂરિયાત મુજબ નાયબ ઈજનેર, જુનીયર ઇજનેર, કેશિયર તેમજ સ્ટોર માટે અલગ કેબીનો મકાન માલિકે પોતાના ખર્ચે બનાવી આપવાના રહેશે તેમજ પુરુષ અને મહિલા કર્મચારીઓ માટે અલગથી શૌચાલયની વ્યવસ્થા કરી આપવાની રહેશે.
(૪) વાહન પાર્કીંગ તથા ટ્રાન્સફોર્મર તેમજ માલ-સમાન મુકવા માટે અલગથી આશરે ૧૨૦૦ ચોરસ ફુટ ખુલ્લી જગ્યા પણ આપવાની રહેશે.
(૫) ઇલેક્ટ્રિક વાયરિંગ, પંખા અને લાઈટની વ્યવસ્થા જરૂરિયાત મુજબ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે.
(૬) જરૂરિયાત મુજબ સમયાંતરે મકાનનું રંગરોગાન અને મરામત મકાન માલિકે કરી આપવાનું રહેશે.
(૭) ભોયતળીયાના મકાનને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
(૮) કોઈપણ દરખાસ્ત મંજુર કરવી કે ન કરવી તેની આખરી સત્તા દ.ગુ.વી.કં.લી.ના મંજુર કરનાર સક્ષમ અધિકારીની રહેશે. દ.ગુ.વી.કં.લી.ની મંજૂરી મળ્યેથી મકાનનો કબજો તરત જ આપવાનો રહેશે.

કાર્યપાલક ઈજનેર (સં.અને નિ.), બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
1	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી ઉધનયાર્ડ	લિંબાયત	૧૯૧૨૩	૦૮/૦૭/૨૦૨૬	૦૮:૩૦ થી ૧૨:૩૦
2	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી સર્વોદય			૦૯/૦૭/૨૦૨૬	૧૦:૦૦ થી ૧૪:૦૦

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.વિ.કં.લી, પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

ઘોડ દોડ રોડ શાખા : હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ સ્કુલની પાછળ, સુરત- ૩૯૫૦૦૭. • ફોન : ૦૨૬૧-૨૨૫૯૮૫૨ ● મો. : ૭૫૬૭૮૮૩૮૭૧

જંગમ મિલકતો (મશીનરી)ની વેચાણ માટેની ઈ-હરાજી કમ વેચાણ નોટીસ

આથી જાહેર જનતાને ખાસ કરીને કરજદાર(ઓ) અને જામીનદારને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે દર્શાવેલ જંગમ મિલકતો (મશીનરી) સુરક્ષિત કરજદાર ગિરવે/ચાર્જ કરવામાં આવેલ છે. જેનો પ્રત્યક્ષ કબજો સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી (સિક્યોર્ડ લેણદાર) દ્વારા લેવામાં આવ્યો છે. તા. ૨૧.૦૭.૨૦૨૬ના રોજ ઓનલાઈન વેબ પોર્ટલ : https://baanknet.com, જે "જેમ છે જ્યાં છે તેના આધારે", "જેમ છે જે છે તેના આધારે" અને " જે કંઈ છે તેના આધારે" ના આધારે વેચાવામાં આવશે. જેથી નીચે જણાવેલ કરજદાર અને જામીનદાર પાસે થી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ લેણદારને બાકી રહેતી રકમની વસૂલી કરી શકાય. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે મુજબ છે. વેચાણ વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઈટ : www.centralbankofindia.co.in. માં આપેલી સંદર્ભ લો.

રસ ધરાવતા પ્રસ્તાવકારે ઈ-હરાજી પૂર્ણ થાય તે પહેલાં BAANKNET માં પ્રી-બિડ ઈએમડી જમા કરાવી શકે છે. ઈ-હરાજી માટે વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રસ્તાવકારને પ્રી-બીડ ઈએમડીની ક્રેડિટ આપવામાં આવશે. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બોલી લગાવનારાઓને તેમના પોતાના હિતમાં, કોઈપણ છેલ્લી સમયની સમસ્યા ટાળવા માટે પ્રી-બીડ ઈએમડી રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે.

અ. નં.	કરજદાર/ જામીનદારનું નામ	નોટીસની રકમ અને તારીખ	જંગમ મિલકતોની વિગત	પઝેશનની તારીખ અને પ્રકાર	અનામત કિંમત રૂ./ ઈએમડી રૂ./ બીડ ગુણાંકમાં રૂ	અન્ય બોજો	મુલાકાતની તારીખ અને સંપર્ક વ્યક્તિની વિગત
૧.	મે. ભાવેશ ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી ભાવેશ કુમાર ગિરધરભાઈ રાણપરીયા અને શ્રીમતી ચેતના જીતેન્દ્રકુમાર સોલંકી	રૂા. ૭૯,૮૨,૭૮૫.૪૭ તા. ૦૧.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	કોમ્પ્યુટરાઇઝડ ભરતકામ મશીનના ૨ સેટ, મોડલ નં. ૧૨૨૩, ક્ષેત્રફળ ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ રંગ અને ૨૩ હેડ, ટ્રીન સિકવન્સ સાથે, કોર્ડિંગ ડિવાઈસ સાથે, ટ્રીમર સાથે બધા સ્ટાન્ડર્ડ ભાગો અને એસેસરીઝ સાથે.	૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૩,૧૦,૦૦૦/- રૂા. ૨,૩૧,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	જાણમાં નથી	૧૪.૦૭.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧
૨.	મે. ઝાખી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી રાજેશભાઈ ગાંગજીભાઈ કોટચાવાલીયા	રૂા. ૭૭,૧૪,૩૬૭.૮૯ તા. ૧૯.૧૧.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	કોમ્પ્યુટરાઇઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨૨૩ – ૪૦૦ X ૯૦૦ X ૧૫૦૦, ૧૨ સોય અને ૨૩ હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે કોર્ડિંગ.	૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૩,૧૦,૦૦૦/- રૂા. ૨,૩૧,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	જાણમાં નથી	૧૪.૦૭.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧
૩.	મે. પુરી ટેક્ષટાઈલના ભાગીદારો – શ્રી નિકુંજકુમાર વલ્લભભાઈ દુધાત્રા અને શ્રી ધર્મેશકુમાર વલ્લભભાઈ હલપતી	રૂા. ૭૮,૮૪,૧૯૩.૭૪ તા. ૨૦.૧૨.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	કોમ્પ્યુટરાઇઝડ ભરતકામ મશીનના ૨ સેટ, ૧૨ સોય, ૨૩હેડ, સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટસ અને એસેસરીઝ સાથે અને ટ્રીન સિકવન્સ સાથે, ૪૦૦ X ૯૫૦ X ૧૫૦૦ કોર્ડિંગ	૨૬.૧૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૨૩,૧૦,૦૦૦/- રૂા. ૨,૩૧,૦૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	જાણમાં નથી	૧૪.૦૭.૨૦૨૬ શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર મો. ૭૫૬૭૮૮૩૮૭૧

- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઇચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડ્યો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જૂઓ.
- બિડરે વેબસાઈટ : https://baanknet.com પર નોંધણી કરાવશે અને KYC દસ્તાવેજો અપલોડ કરશે અને સેવા પ્રોવાઈડર KYC દ્વારા દસ્તાવેજોનો ચકાસણી કર્યા પછી EMD NEFT/ ટ્રાન્સફર દ્વારા ગ્લોબલ ઈએમડી વોલેટમાં જમા કરાવવામાં આવશે. (https://baanknet.com પર થી ચલણ માટે જનરેટ કર્યા પછી)
- હરાજીના અંતે વેચાણ મંજૂર થતા સફળ બોલીકારે / ખરીદરનારે બોલીની રકમના ૨૫% (પહેલા થી ચૂકવેલ ઈએમડી રકમ સમાયોજીત) રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ વેચાણ સંપન્ના થયાની તારીખ થી ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે, જેમાં નિષ્ફળ નિવડયેથી પ્રસ્તાવકારોએ અગાઉ રકમ જમા કરાવેલી અનામત રકમ જપ્ત કરવામાં આવશે અને આ માટે કોઈપણ જાણ કરાશે નહી અને વેચાણ રદ થઈ જશે.
- શાખા પ્રબંધકને મળેલી કોઈપણ/બધી જ દરખાસ્તો કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે.
- મિલકત પરના તમામ કોઈપણ વ્યક્તિના કારણે તમામ વૈધાનિક લેણાં, કર દર, આકારણી ચાર્જ ફી વિગેરે બોલીકર્તાએ ભોગવવાના રહેશે.
- વધુ જાણકારી માટે – સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮ અતવા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઘોડ દોડ રોડ શાખા, સુરત, શ્રી મુકેશ કચ્છવાહ - ચીફ મેનેજર (મો) : +૯૧-૭૫૬૭૮ ૮૩૮૭૧ નો સંપર્ક કરી શકશો.

સ્થાવર મિલકત (મશીનરી)ના વેચાણ માટે કાનૂની ૧૫ દિવસની વેચાણ નોટીસ

તારીખ : ૦૪.૦૭.૨૦૨૬
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતીમાં અંગ્રેજી માન્ય રહેશે)

સહી/-
અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

નવસારી મહાનગરપાલિકા

જાહેર ખબર

ભારત સરકારના વન પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ તાજેતરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો - ૨૦૨૬ અધિસુચિત(જાહેર) કરવામાં આવ્યા છે. જે સમગ્ર દેશમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી અસરકારક રીતે અમલમાં આવી ગયેલ છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં.૬૧૭૪/૨૦૨૩ માં તા.૧૯.૦૨.૨૦૨૬, તા.૨૯.૦૪.૨૦૨૬, તા.૦૫.૦૫.૨૦૨૬ અને તા.૨૫.૦૫.૨૦૨૬ ના રોજથી સદર બાબતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો - ૨૦૨૬ થયેલ સુધારમાં ચુસ્તપણે પાલન કરવા જણાવેલ, સરકારશ્રીના ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોમાં કરવામાં આવેલ મહત્વના સુધારાઓ આ મુજબ છે.

દૈનિક ઉત્પન્ન થતાં કચરાનું યોગ્ય રીતે અલગ સંગ્રહ અને નિકાલ સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબ ૪(ચાર) પ્રકારનું વર્ગીકરણ ફરજિયાત રીતે અમલમાં મૂકવામાં આવેલ છે.અને સેગ્રિગેશન કચરો ડોર ટુ ડોર ના વાહનમાં ફરજીયાત આપવાનો રહેશે.

૧. ભીનો કચરો - લીલા રંગની ડસ્ટબિન	કિચન વેસ્ટ, ફૂડ વેસ્ટ, શાકભાજી-ફળોનો વેસ્ટ, ફુલ વેસ્ટ, ખાદ્ય પદાર્થ, ગાર્ડન વેસ્ટ વિગેરે (તમામ બાયોડિગ્રેડેબલ વેસ્ટ)
૨. સૂકો કચરો - ભૂરા રંગની ડસ્ટબિન	પ્લાસ્ટિક, પેપર, રબર, વૂડ, મેટલ વિગેરે(રિસાયકલ કરી શકાય તેવો કચરો)
૩. સ્પેશિયલ કેર કચરો (વિશેષ કાળજીવાળો કચરો)-કાળા રંગની ડસ્ટબિન	કાળા રંગની ડસ્ટબિન (વેસ્ટ બેટરી, પેન્સિલ સેલ, બલ્બ, ટ્યુબલાઇટ, એમ્પાયર મેડિસિન, જંતુનાશક દવાના ડબ્બા, તૂટેલા મરક્યુરી થર્મોમિટર, વપરાયેલા સિરીજ નીડલ, કલરના ડબ્બા, ઈલેક્ટ્રોનિક વેસ્ટ વેગેરે(CPCB દ્વારા સમયાંતરે લાગુ કરેલ અન્ય વેસ્ટ)
૪. સેનેટરી કચરો - લાલ રંગની ડસ્ટબિન	ઉપયોગ કરાયેલ ડાયપર, સેનેટરી તોવેલ, નેપકિન, ટેમ્પોન્સ, કોન્ડમ, બેનડેઝ, બેડ પ્રોટેક્સન શીટ વિગેરે

- કચરો ખુલ્લી જગ્યાઓમા ફેકવા, જળાશયોમાં, નાળાઓમા અને ગટરોમાં ફેંકવા, દાટવા અને સળગાવવા પર કાનૂની ગુનો દાખલ થશે.
- સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ આ નિયમો નવસારી શહેરના તમામ રહેણાક એકમો, અને બિનરહેણાક એકમો માટે લાગુ પડશે. જો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન અને નિયમોનું પાલનની અવગણના કરનાર એકમો સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ - ૨૦૨૬ ની જોગવાઈઓ મુજબ કાયદા હેઠળ દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

નવસારી શહેરને "સ્વચ્છ અને સુંદર" બનાવવાના આ અભિયાનમાં આપનો સહકાર આવશ્યક છે.

મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ
નવસારી મહાનગરપાલિકા

નાયબ મ્યુનિસિપલ કમિશનર
નવસારી મહાનગરપાલિકા

માહિતી/નવસારી/૧૬૫/૨૦૨૬